# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 24-09-2024 Morning : 7.45 to 7.55
Day : Tuesday National News

## આકાશવાણી સમાચાર **નીકિતા શાહ** વાંચે છે.

***************************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સંયુકત રાષ્ટ્રની સામાન્ય સભાને સંબોધતા જણાવ્યું કે ડિજીટલ જાહેરમાળખું એક સેતુ હોવો જોઇએ અવરોધ નહીં
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અમેરિકાની મુલાકાતને વૈશ્વિક રાષ્ટ્રો સાથેના સંબંધોને મજબૂત બનાવનારી અને સફળ તેમજ ફળદાયી ગણાવતું ભારતીય વિદેશ મંત્રાલય
- ઝારખંડ વિધાનસભાની ચૂંટણી મુક્ત અને ન્યાયી રીતે યોજવા સહકાર આપવા માટે તમામ રાજકીય પક્ષોને ચૂંટણી પંચની અપીલ
- આવતીકાલે યોજાનારી જમ્મુ કાશ્મીરની બીજા તબક્કાની ચૂંટણી માટે તમામ વ્યવસ્થા પૂર્ણ કરાઈ
- ભારતીય ખેલાડી યુકી ભામ્બરી અને તેમની ફ્રેન્ચ પાર્ટનર અલ્બાનો ઓલિવેટ્ટી ચેંગડુ ઓપન ટેનિસની ફાઇનલમાં પ્રવેશ કર્યો
- ***************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM UN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે ડિજિટલ જાહેર માળખુ એક સેતુ હોવો જોઈએ, અવરોધ નહીં. ગઈકાલે રાત્રે સંયુક્ત રાષ્ટ્ર સામાન્ય સભામાં સમિટ ઓફ ફ્યુચરમાં બોલતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઉમેર્યું હતું કે વૈશ્વિક ફાયદા માટે, ભારત તેનું ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર શેર કરવા માટે તૈયાર છે.

(બાઇટ નરેન્દ્ર મોદી,)

પ્રધાનમંત્રી શ્રી  મોદીએ ટેકનોલોજીના સુરક્ષિત અને જવાબદારીપૂર્વક ઉપયોગ માટે સંતુલન અને નિયમન પર ભાર મૂક્યો હતો.. તેમણે ઉમેર્યું હતું કે વિશ્વ એવું વૈશ્વિક ડિજિટલ ગવર્નન્સ ઈચ્છે છે જેમાં સાર્વભૌમત્વ અને અખંડિતતા અકબંધ રહે.  શ્રી મોદીએ એમ પણ કહ્યું કે માનવતાની સફળતા યુદ્ધના મેદાનમાં નહીં પણ સામૂહિક શક્તિમાં રહેલી છે. શાંતિ અને સુરક્ષા પરના જોખમો પર પ્રકાશ પાડતા તેમણે કહ્યું કે એક તરફ આતંકવાદ વૈશ્વિક શાંતિ અને સુરક્ષા માટે ગંભીર ખતરો છે.

બીજી તરફ, સાયબર, દરિયાઈ અને અવકાશ સંઘર્ષ નવા પડકાર તરીકે ઉભરી રહ્યા છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે જ્યારે વૈશ્વિક ભવિષ્ય વિશે ચર્ચા કરીએ છીએ, ત્યારે આપણે માનવ કેન્દ્રિત અભિગમને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવી જોઈએ.

......2.........

ટકાઉ વિકાસને પ્રાથમિકતા આપતી વખતે, આપણે માનવ કલ્યાણ, ખોરાક અને આરોગ્ય સુરક્ષા પણ સુનિશ્ચિત કરવી જોઈએ. ભારતમાં 250 મિલિયન લોકોને ગરીબીમાંથી બહાર કાઢીને અમે દર્શાવ્યું છે કે ટકાઉ વિકાસ સફળ થઈ શકે છે.

અમે ગ્લોબલ સાઉથ સાથે અમારી સફળતાના અમારા અનુભવો શેર કરવા તૈયાર છીએ. મલ્ટી લેટરલ સંસ્થાઓના સુધારા વિશે વાત કરતા પીએમએ કહ્યું કે વૈશ્વિક સંસ્થાઓને સુધારાની જરૂર છે કારણ કે સુધારાઓ સુસંગતતાની ચાવી છે.

પ્રધાનમંત્રી શ્રી  મોદીએ G20માં સ્થાયી સભ્ય તરીકે આફ્રિકન યુનિયનના સમાવેશને પણ આ દિશામાં એક મહત્વપૂર્ણ પગલું ગણાવ્યું હતું. પીએમ મોદીએ 'એક પૃથ્વી એક પરિવાર એક ભવિષ્ય'ની ભારતની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો.

# P M MODI UKRAINE PRESIDENT UNGA

પ્રધાનનરેન્દ્ર મોદીએ ન્યુયોર્કમાં ફ્યુચર સમિટ દરમિયાન યુક્રેનના રાષ્ટ્રપતિ વ્લાદોમીર ઝેલેન્સકી સાથે અલગથી મુલાકાત કરી હતી. શ્રી મોદી આર્મેનિયાના પ્રધાનમંત્રી નિકોલ પશિયાનને પણ મળ્યા હતા અને વિયેતનામના રાષ્ટ્રપતિ તો લેમ સાથે દ્વિપક્ષીય બેઠક કરી હતી. બંને નેતાઓએ દ્વિપક્ષીય સહયોગને મજબૂત કરવાના માર્ગો પરચર્ચા કરી અને મહત્વપૂર્ણ પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ વિચારોની આપ-લે કરી હતી.

શ્રી મોદીએ વાવાઝોડા યાગી કારણે વિયેતનામમાં થયેલા નુકસાન અંગે સહાનુભૂતિ દર્શાવી તો વિયેતનામના રાષ્ટ્રપતિએ ઓપરેશન સદભાવ હેઠળ ભારત દ્વારા માનવતાવાદી સહાય અને આપત્તિ રાહતની સમયસર પુરવઠા માટે શ્રી મોદીનો આભાર માન્યો હતો. આ સાથે શ્રી મોદીએ નેપાળ, કુવૈત અને પેલેસ્ટાઈનના વડાઓ સાથે પણ બેઠકો યોજી હતી.

# MEA- BRIEFING

વિદેશ સચિવ વિક્રમ મિસરીએ કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અમેરિકાની યાત્રા સફળ હતી. ન્યૂયોર્કમાં પત્રકારોને માહિતી આપતાં શ્રી મિસરીએ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રીની મુલાકાત દરમિયાન આયોજિત કાર્યક્રમ દર્શાવે છે કે ભારતીય અમેરિકન સમુદાયે અમેરિકામાં જે પ્રકારનું જોડાણ બનાવ્યું છે તે અદભૂત છે..

તેમણે કહ્યું કે, ભારતીય સમુદાય બંને દેશો વચ્ચેનો જીવંત સેતુ છે. પ્રધાનમંત્રીએ તેનો સ્વીકાર કર્યો છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આ મુલાકાતમાં ટેક્નોલોજી મજબૂત પાસુ રહ્યું હતુ જે ક્વોડના સંયુક્ત નિવેદન અને યુએસ ઈન્ડિયા દ્વિપક્ષીય ફેક્ટશીટમાં પ્રતિબિંબિત થાય છે.

# JHARKHAND--EC.RTF

ચૂંટણી પંચે આગામી ઝારખંડ વિધાનસભા ચૂંટણી મુક્ત અને ન્યાયી રીતે યોજવા સહકાર આપવા તમામ રાજકીય પક્ષોને  અપીલ કરી છે. મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમાર અને ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને સુખબીરસિંહ સંધુએ કેન્દ્ર અને રાજ્ય અમલીકરણ એજન્સીઓને મુક્ત અને ન્યાયી ચૂંટણી સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો છે.

ચૂંટણી પંચે રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી અને રાજ્ય પોલીસ અને કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળોના નોડલ અધિકારીને પણ રાજ્યમાં વિધાનસભાની ચૂંટણીના સરળ અને શાંતિપૂર્ણ સંચાલન માટે નિર્દેશ આપ્યો છે. ચૂંટણી પંચ આજે રાજ્યના તમામ વિભાગોના કમિશનરો, ઝોનલ આઈજી, તમામ જિલ્લાના જિલ્લા ચૂંટણી અધિકારીઓ, તમામ ડીઆઈજી અને તમામ પોલીસ અધિક્ષક સાથે સમીક્ષા બેઠક યોજશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૉ કરી શકો છો...

. . . . . . . . . . . . . . .

# J&K - POLL ARRANGEMENTS

આવતીકાલે જમ્મુ-કાશ્મીરમાં બીજા તબક્કાની વિધાનસભાની ચૂંટણી માટે તમામ વ્યવસ્થા કરવામાં આવી છે. પાંચ જિલ્લાઓની 26 વિધાનસભા બેઠકો પર આ તબક્કામાં મતદાન થશે. આ જિલ્લાઓ જમ્મુ ક્ષેત્રમાં રિયાસી, રાજૌરી અને પૂંચ અને કાશ્મીર ખીણમાં શ્રીનગર અને બડગામ છે. બીજા તબક્કામાં લગભગ 25 લાખ 78 હજાર મતદારો 239 ઉમેદવારોના ભાવિનો નિર્ણય કરશે.

બીજા તબક્કાના મતદાન માટેનો પ્રચાર ગઈકાલે સાંજે સમાપ્ત થઈગયો હતો. કેન્દ્રશાસિત પ્રદેશમાં ત્રણ તબક્કામાં વિધાનસભાની ચૂંટણી યોજાઈ રહી છે. મતગણતરી 8 ઓક્ટોબરે થશે. 18 સપ્ટેમ્બરે વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં 61 ટકાથી વધુ મતદાન નોંધાયું હતું, જ્યારે બાકીના 40 વિધાનસભા ક્ષેત્રોને આવરી લેતી ચૂંટણીના ત્રીજા તબક્કાનું મતદાન પહેલી ઓક્ટોબરે યોજાશે.

# MODI-3 100 DAYSWOMEN EMPOWERMENT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સરકારે ઐતિહાસિક ત્રીજી ટર્મ માટે સત્તામાં આવ્યા બાદ તેના પ્રથમ 100 દિવસ પૂર્ણ કર્યા છે. આ સમયગાળા દરમિયાન, સરકારે માળખાગત, સામાજિક કલ્યાણ, ખેડૂતો, મધ્યમ વર્ગ, મહિલાઓ અને યુવાનો પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરીને 15 લાખ કરોડ રૂપિયાની વિવિધ યોજનાઓ શરૂ કરી છે..

ખાસ કરીને ગ્રામીણ અને આર્થિક રીતે વંચિત મહિલાઓને સશક્તિકરણ કરવાના હેતુથી શ્રેણીબદ્ધ પહેલો સાથે સરકારે મહિલાઓના નેતૃત્વવાળા વિકાસ માટે મજબૂત પાયો નાખ્યો છે. જેમાં દીનદયાળ અંત્યોદય યોજના-રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન હેઠળ 90 લાખથી વધુ સ્વ-સહાય જૂથોમાં લગભગ 10 કરોડ મહિલાઓ સામેલ થઇ છે. લગભગ 11 લાખ નવી લખપતિ દીદીઓએ પ્રધાનમંત્રી પાસેથી પ્રમાણપત્ર મેળવ્યા હતા.

આ વર્ષના બજેટમાં નારી શક્તિને લાભ આપતી યોજનાઓ માટે ત્રણ લાખ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. મહિલાઓ માટે ઘરની માલિકી અને સન્માન સુનિશ્ચિત કરવા માટે પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ 3 કરોડ વધારાના મકાનો બાંધવામાં આવશે. સરકારે 4 લાખ 3 હજાર સ્વસહાયજૂથો માટે 2 હજાર 500 કરોડ રૂપિયાનું રિવોલ્વિંગ ફંડ પણ ફાળવ્યું છે., જેનાથી 48 લાખ સભ્યોને ફાયદો થયો છે. નારીશક્તિને બળપ્રદાન કરવા  2 લાખ 35 હજાર સ્વસહાય જૂથોના 26 લાખ સભ્યોના આર્થિક વિકાસ માટે પાંચ હજાર કરોડ રૂપિયાની બેંક લોન આપવામાં આવી હતી. મહિલા સાહસિકોને સશક્ત બનાવવા મુદ્રા લોન મર્યાદા 10 લાખથી વધારીને 20 લાખ રૂપિયા કરવામાં આવી છે.

# FINANCE MINISTER NIRMALA SITHARAMAN

નાણામંત્રી નિર્મલા સીતારમણ આજથી ઉઝબેકિસ્તાનની પાંચ દિવસની મુલાકાતે જશે. આ મુલાકાત દરમિયાન, નાણામંત્રી આવતીકાલે અને ગુરુવારે સમરકંદમાં એશિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ બેંક (AIIB) ના બોર્ડ ઓફ ગવર્નર્સની ૯મી વાર્ષિક બેઠકમાં હાજરી આપશે સુશ્રી સીતારમણ ભારત અને ઉઝબેકિસ્તાન વચ્ચે દ્વિપક્ષીય રોકાણ સંધિ (BIT) પર પણ હસ્તાક્ષર કરશે.

# LOK SABHA SPEAKER OM BIRLA

લોકસભાના સ્પીકર ઓમ બિરલાએ વિધાનસભાઓની કાર્યક્ષમતા અને કામકાજમાં સુધારો કરવા ટેકનોલોજીના ઉપયોગ પર ભાર મૂક્યો છે. ગઈકાલે નવી દિલ્હીમાં શરૂ થયેલી બે દિવસીય 10મી કોમનવેલ્થ પાર્લામેન્ટરી એસોસિએશન (CPA) ઈન્ડિયા રિજન કોન્ફરન્સને સંબોધતા તેમણે આ વાત કહી હતી.

શ્રી બિરલાએ વિવિધ મંચો પર ચર્ચા કરવા અને ટેક્નોલોજી દ્વારા સમાજના છેવાડાના માણસના કલ્યાણ માટે કલ્યાણકારી યોજનાઓને આકાર આપવા વિધાન મંડળોને વિનંતી કરી હતી

# TENNIS--CHENGDU-OPEN.RTF

ટેનિસમાં, ભારતીય ટેનિસ ખેલાડી યુકી ભામ્બરી અને તેમની ફ્રેન્ચ પાર્ટનર અલ્બાનો ઓલિવેટ્ટી ચેંગડુ ઓપનની ફાઇનલમાં પ્રવેશ્યા છે.

ચીનમાં રમાઈ રહેલી આ સ્પર્ધામાં ભામ્બરી-ઓલિવેટ્ટીની જોડીએ ઇવાન ડોડિગ અને રાફેલ માટોસની જોડીને હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. ફાઇનલમાં ભામ્બરી અને ઓલિવેટ્ટી હવે ફ્રેન્ચ જોડી સાડિયો ડુમ્બિયા અને ફેબિયન રેબાઉલ સાથે મુકાબલો કરશે.

## હવે આજના અખબારોના મુખ્ય સમાચારો રજૂ કરે છે

## મારા સહયોગી હર્ષલ પંડ્યા

- આજના અખબારોના મુખ્ય સમાચારો આજના તમામ અખબારમાં અલગ અલગ હેડલાઇન્સ પ્રકાશિત કરવામાં આવી છેઃ
- ગુજરાત સમાચારની હેડલાઇન છે- શેરબજારમાં રમી યુવા પેઢી બરબાદ થઈ રહી છેઃ સેબી
- ચાઇલ્ડ પોર્ન વિડીયો જોવા કેડાઉનલોડ કરવા તે ગુનો- આ શિર્ષક સાથે સંદેશ અખબારે હેડલાઇન બનાવી છે. આ જ સમાચારને બાકીનાં તમામ દૈનિકોએ પ્રથમ પાને સ્થાન આપ્યું છે.
- કુલછાબનું હેડીંગ છે- આતંકવાદ વિશ્વભર માટે જોખમ- સંયુક્ત રાષ્ટ્રમાં મોદી
- ઇઝરાયેલે લેબેનોનમાં કરેલા હુમલાના સમાચાર તમામ દૈનિકોમાં પ્રથમ પાને પ્રકાશિત થયા છે.
- લાપતા લેડીઝ ઓસ્કરમાં ભારતની ઓફિશિયલ એન્ટ્રી- આ સમાચારને દિવ્ય ભાસ્કર, ગુજરાત સમાચાર અને નવગુજરાત સમયે પ્રથમપાને તસવીર સાથે સ્થાન આપ્યું છે.
- આ ઉપરાંત હાઇકોર્ટ એડવોકેટ એસોસિએશનના પ્રમુખને દૂર કરવાની માંગણી-આ સમાચારને તમામ દૈનિકોએ પ્રકાશિત કર્યા છે.
- રાજસ્થાન પત્રિકાએ તિરુપતિમંદિરમાં શુધ્ધિકરણ અને અનુષ્ઠાનની તસવીર પહેલા પાને પ્રકાશિત કરી છે.
- ઇન્ડિયન એક્સપ્રેસે દિલ્હીના મુખ્યમંત્રી અતિશે પદભાર સંભાળ્યો તે સમયની તસવીર પ્રકાશિત કરી છે.